જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૨૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૪/૨૦૨૬**

મણીનગરઃ જીગ્નાબહેન વા/ઓ મનનભાઈ શાહ (ઉ.વ.૪૩)(રહે.વૈવિધ્ય એપાર્ટમેન્ટ–૧૫, પ્રકાશનગર સોસાયટી, ઉત્તમનગર ગાર્ડનની બાજુમાં મણીનગર) એ તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટ નંબર ૩૯૯૦૦૦૦૧૦૭૧૯૪૨૦૫ ના ધારકે મોબાઈલ નંબર ૯૩૫૦૫૯૨૫૭૮ થી જીગ્નાબહેનના મોબાઈલ ફોન ઉપર કોલ કરી, પોતાનુ નામ "ડૉ.વિપુલ પટેલ" ઓળખ આપી જણાવેલ કે "તમારા પતિને રૂપિયા ૫,૦૦૦/– આપવાના હોય જેથી તમારા પતિએ તમારો ગુગલ–પે નંબર આપેલ અને રૂપિયા ૫૦૦૦/– ના બદલે ભુલથી રૂપિયા ૨૫,૦૦૦/– ટ્રાન્સફર થઈ ગયેલ હોય જેથી તમે રૂપિયા ૨૦,૦૦૦/– પરત ગુગલ–પે કરવાનુ કહી જીગ્નાબહેનને વિશ્વાસમાં લઈ તેમના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી અલગ–અલગ પાંચ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૬૫,૦૦૦/– ઓનલાઈન મેળવી લઈ જીગ્નાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૫/૨૦૨૬**

ઘાટલોડીયાઃ સાર્થકભાઇ રશ્મીનકુમાર ગાંધી (રહે.નિલકંઠ પાર્ક, સેન્ટ ઝેવીયર્સ, લોયલા સ્કુલ રોડ, યુનિવર્સીટી) એ તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૬ કલાક ૧/૦૦ થી સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર માનવ મંદીર પાછળ શ્યામ સુંદર રો–હાઉસ ખાતે રહેતા સાર્થકભાઇના શેઠના મકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી ચાંદીના દાગીના–વાસણો, સોનાની લગડી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૩૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.જોષી ચલાવે છે.

નરોડાઃ કૃણાલ સ/ઓ રમેશભાઇ ચાવડા (રહે.આત્રેય ઇવાન–૩ બ્રાઇટ ઇન્ટર નેશનલ સ્કુલની બાજુમાં કરાઇ કટ નરોડા) એ તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ થી તા.૨૩/૦૧/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૫૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.ગોહિલ ચલાવે છે.

નારોલઃ અર્જુનભાઇ ચંદુલાલ બગથરિયા (રહે. શ્રીરામ રેસિડેન્સી, ટાટા શો–રૂમ પાછળ, નારોલ) એ તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/–, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૩૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૬/૨૦૨૬**

રાણીપઃ જીનલ ભરતભાઇ મકવાણા (ઉ.વ.૧૮)(રહે.પુજા ફલેટ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૧/૨૦૨૬ કલાક ૦૦/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સુરેશભાઈ કાવજીભાઈ ચલાવે છે.

ઇસનપુરઃ આકાશ સ/ઓ રમાકાંન્ત સિન્ધે (ઉ.વ.૨૭)(રહે.શિવા સત્યમ હુડકો આવાસ ચાર માળીયા એસ.પી.રીંગ રોડ વસ્ત્રાલ ગામ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા ઇસનપુર તળાવમાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી